# શહેરની ઓળખ સમાન ગાંધી સ્મૃતિ ભવન નવા રૂપ રંગ સાથે કાર્યરત થશે



રીનોવેટ થયેલ ગાંધી સ્મૃતિ ભવન ગાંધીજીના વિચાર અને વારસાને આધુનિક સ્વરૂપમાં રજૂ કરાશે. ગાંધી સ્મૃતિ ભવનનું લોકાર્પણ 31 મે, 2026ના રોજ કરવામાં આવશે. જેમાં થિયેટર સાથે સંકળાયેલા લોકોની સમિતિ બનાવી આ ભવન સાકાર કરવામાં આવી રહ્યું છે.



## ડુમસ સી ફેઝ પ્રોજેક્ટ

કરોડોના ખર્ચે સાકાર થઇ રહેલા ડુમસ સી ફેઝ પ્રોજેક્ટ દ્વારા સુરતને આધુનિક સી-ફ્રન્ટ અને પર્યટનનું નવું આકર્ષણ મળશે. આ પ્રોજેક્ટ શહેરના સૌંદર્યમાં વધારો કરી સ્થાનિક અર્થતંત્રને પણ ગતિ આપશે. ડુમસ સી ફેઝ ડેવલપમેન્ટના ફેઝ-1 અને 2 નવા વર્ષમાં સાકાર થઈ જશે. માર્ચ 2026માં આ પ્રોજેક્ટ ખુલ્લો મુકાય તેવી શકયતા છે.




## સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની એન્ટ્રી અને એક્ઝિટ 5/5 લેનની થશે

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની એન્ટ્રી અને એક્ઝિટ 5/5 લેનની થશે. પેસેન્જરો સીધા ટર્મિનલ બિલ્ડિંગથી એરપોર્ટ બહાર રોડ પર જઈ શકે એ માટે અલાયદો પેડલ સ્ટ્રેટ એક્ઝિટ વે બ્રિજનું કામ શરૂ થશે. એરપોર્ટ પર મુસાફરોની સુવિધા માટે એરપોર્ટ બ્યુટિફિકેશન પ્રોજેક્ટનું કામ શરૂ થશે.કાર્ગો સુવિધા માટે તૈયાર અલાયદો રોડ શરૂ થશે. પ્રિસિયસ કાર્ગો માટેની સુવિધા ટર્મિનલ બિલ્ડિંગની અંદર શરૂ થશે.




## આભવા-ઉભરાટ બ્રિજનું ખાતમુહૂર્ત

નવસારી વાંસીબોરસી પીએમ. મિત્રા પાર્કની સાઇટ સુધી પહોંચવા માટે આભવા - ઉભરાટ વચ્ચે બનનારા બ્રિજનું ખાતમુર્હુત થઈ શકે છે.




## ડ્રીમ સિટીમાં મુક્ત બજાર ધમધમતું થઈ જશે

સુરત ઇકોનોમિક ડેવલોપમેન્ટ પ્લાનમાં દુબઇ અને ગોંગઝાઉની જેમ સુરત ડ્રીમ સિટી ખાતે ‘મુક્ત બજાર’ ઊભુ કરવામાં આવશે.ખાતે સાકાર થઇ રહેલા ડ્રીમ સિટીમાં જેમ્સ એન્ડ જવેલર્સ અને ટેક્સટાઇલ એન્ડ એપરેલની થીમ પર ‘‘ભારત બજાર’’ કાર્યરત કરવાનું સૂચન નીતિ આયોગ દ્વારા સુરત શહેરના ઇકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનમાં કરવામાં આવ્યું છે.




## સુંવાલી બીચ પર નવા વર્ષે 2.20 કરોડ રૂપિયાના ખર્ચે નવા રેસ્ટ હાઉસનું નિર્માણ કામ પૂર્ણ થશે

4 રૂમ, ડોરમેટરીની આયોજન કરાશે. સાથેનું સર્કિટ હાઉસનું બાંધકામ પૂર્ણ થશે.1.20 કરોડના ખર્ચે ખારું પાણી પીવાલાયક બનાવવા ડિસ્ટિલેશન પ્લાન્ટનું કામ પણ પૂર્ણ થશે.1કરોડ રૂપિયાના ખર્ચે અંદાજિત 350 લાઈટ નાંખવાની કામગીરી પૂર્ણ થઈ છે. આ સાથે જ 30 મીટર ઊંચો અને 400 વોટ્સની 16 લાઈટ ધરાવતો એક હાઈમાસ્ટ ટાવરનું લોકાર્પણ થશે.

## મેટ્રોના 1 ફેઝની ટ્રાયલ રનની શક્યતા

1200 કરોડના ખર્ચે સાકાર થઇ રહેલો સુરતનો ડ્રીમ પ્રોજેક્ટ મેટ્રો ફેઝ-1 માં ડ્રીમસીટીથી સરથાણા અને સારોલી થી ભેંસાણ સુધીના કામો હાલ સ્થળ પર ચાલી રહ્યા છે. જેમાં અંડરગ્રાઉન્ડ અને એલીવેટેડ રૂટની કાંમગીરી લગભગ પુર્ણતાના આરે છે. ડિસેમ્બર 2026 સુધીમાં મેટ્રો દોડતી થઇ જશે તેવો દાવો મેટ્રો રેલ કોર્પોરેશનનો છે.







## બરાજ પ્રોજેક્ટ પર વાસ્તવિક કામ શરૂ થશે

સુરતની આગામી 50 વર્ષની પાણીની જરૂરીયાત ઉપરાંત અનેક હેતુઓને સાર્થક કરવા માટે હોથ ધરાયેલા 1200 કરોડના ખર્ચે બની રેલા રૂંઢ થી ભાઠા વચ્ચેના કન્વેન્શીયલ બરાજનુ નિર્માણ હવે વર્ષ 2026માં બની રહેલા વાસ્તવિક રૂપે શરૂ થશે હાલમાં જ નદીની વચ્ચે પીલર ઉભા કરવા માટે જરૂરી કોફર ડેમનું ટેન્ડર મંજુર થઈ ચુક્યું છે.



## કતારગામ ઓડિટોરીયમનું લોકાર્પણ થશે

કતારગામ ઓડિટોરીયમ સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમો માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. આ સુવિધા વિસ્તારના નાગરિકોને આધુનિક કાર્યક્રમ સ્થળ પૂરું પાડશે. જે નવા વર્ષમાં 26 જાન્યુઆરીની આસપાસ લોકાપર્ણ કરાશે.

## વલસાડને મળશે નવો ફ્લાયઓવર બ્રિજ

વલસાડમાં રેલવે ઓવરબ્રિજના કારણે થતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે રેલવે અને ગુજરાત માર્ગ મકાન વિભાગ જૂના ઓવરબ્રિજથી ઉંચાઇએ બીજો નવો ઓવરબ્રિજ બનાવી રહ્યા છે. જેમાં વલસાડ અને ધરમપુર રોડને જોડતો બ્રિજ બની ગયો છે. જોકે, હજુ વલસાડ શહેરને વશિયર રોડ સાથે બનતો બ્રિજ બન્યો છે. જે હાલ આખરી ચરણમાં છે. નવા વર્ષની શરૂઆતમાં જ આ બ્રિજ તૈયાર થઇ જશે. વશિયર રોડને જોડતો બ્રિજ તૈયાર થયા પછી જૂનો ઓવરબ્રિજ તોડી પડાશે અને ધરમપુર રોડથી વધુ એક બ્રિજ તેમજ વશિયર રોડથી વધુ એક બ્રિજનું હાલ બનેલા નવા બ્રિજ સાથે જોડાણ થશે. જેના કારણે ધરમપુર રોડ અને વશિયર રોડ પર જવા અને આવવા માટે જુદા જુદા બ્રિજ બની જશે. જેના કારણે ટ્રાફિકમાં મોટી રાહત થશે.

## વાપી નજીકના બલીઠાને 45.30 કરોડના ખર્ચે 170 બેડની સરકારી હોસ્પિટલ મળશે

વાપીને સરકારી હોસ્પિટલની સુવિધા નવા વર્ષમાં 2026માં મળશે. જે વાપી વિસ્તાર માટે એક આશિર્વાદરૂપ સગવડ સાબિત થશે. વાપીમાં 170 બેડની સરકારી હોસ્પિટલનું બાંધકામ હવે તેના અંતિમ તબક્કામાં છે. નેશનલ હાઈવે નં.48 ઉપર આ મિનિ સિવિલ હોસ્પિટલનું અદ્યતન બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે. આ વિસ્તારના ધારાસભ્ય તેમજ હાલ ગુજરાત સરકારમાં નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી તરીકે ફરજ બજાવતા કનુભાઈ દેસાઈની દિર્ઘદૃષ્ટિને કારણે વાપી મહાનગર માટે સરકારની અદ્યતન સગવડો સાથેની મિનિ સિવિલ હોસ્પિટલ વાપીના બલીઠામાં આ વર્ષ દરમિયાન લોકોને ભેટમાં મળશે. વાપી નજીકના બલીઠામાં રૂ.45.30 કરોડના ખર્ચે આ હોસ્પિટલના નિર્માણનું કામ પૂરું થવામાં છે.



## ભરૂચ જિલ્લામાં દહેગામ-કીમ એક્સપ્રેસ વે ખુલ્લો મુકાશે

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતો બહુપ્રતિક્ષિત ભરૂચના દહેગામ-કીમ (અંકલેશ્વર નજીક) સ્ટ્રેચ હવે વર્ષ-2026ના પહેલા અઠવાડિયામાં શરૂ થશે. દહેગામથી કીમ સુધી લગભગ 30 કિમી અંતરે તમામ કામો પૂર્ણ થઇ ગયાં છે. આ એક્સપ્રેસ વે ખુલ્લો મુકાતા વાહનચાલકોને મોટો ફાયદો મળશે. તેવી જ રીતે ભરૂચમાં બહુહેતુક ભાડભૂત બેરેજ યોજના લગભગ 5322 કરોડના ખર્ચે આકાર લઇ રહી છે. તેનું 80 ટકા જેટલું કામ પૂર્ણ થઇ જશે.

## બારડોલી પ્રદેશને નવા વર્ષમાં નવી આર.ટી.ઓ. કચેરી મળશે

બારડોલી ખાતેની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO) માટે મોતા ગામે નવીન અને અદ્યતન કચેરીની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા ફાળવવામાં આવેલી □9.15 કરોડની ગ્રાન્ટમાંથી આ કચેરી બનશે. જેનું 13મી નવેમ્બરના રોજ સ્થાનિક ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. હાલમાં બારડોલી RTO કચેરી લાંબા સમયથી ભાડાના મકાનમાં કાર્યરત છે, જ્યાં જગ્યાની મર્યાદા અને અન્ય સુવિધાઓના અભાવને કારણે નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. મોતા ગામે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલની બાજુમાં વિશાળ જગ્યામાં આ નવી કચેરીનું નિર્માણ થશે, જે આ સમસ્યાઓનો અંત લાવશે. આ કાર્ય 12 મહિનામાં પૂર્ણ થશે. બારડોલી, મહુવા, માંડવી અને માંગરોળ એમ ચાર વિધાનસભા મતવિસ્તારો આ આર.ટી.ઓ. હેઠળ સમાવિષ્ટ છે. નવી RTO કચેરીમાં આધુનિક સુવિધાઓ જેવી કે વિશાળ વેઇટિંગ હોલ, ડિજિટલ સિસ્ટમ, વાહન તપાસ કેન્દ્ર, પૂરતી પાર્કિંગ વ્યવસ્થા અને અન્ય જરૂરી સાધનોનો સમાવેશ કરવામાં આવશે. આનાથી વાહન નોંધણી, લાઇસન્સ, ફિટનેસ સર્ટિફિકેટ જેવી સેવાઓ વધુ ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ બનશે, જે બારડોલી તાલુકા અને આસપાસના વિસ્તારોના નાગરિકો માટે મોટી સુવિધા સાબિત થશે.